ક્રમાંક–૧૫

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**બુધવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૫મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૧૧૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

પ્રશ્નોત્તરીના સમયમાં અમારા પક્ષને પૂરતો સમય આપવાનો કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારની રજૂઆતના અનુસંધાનમાં માનનીય અધ્યક્ષશ્રીએ આજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં અગ્રતાક્રમ નં. ૫ અને ૬ માં વિપક્ષના સભ્યોને પૂરતો સમય આપેલ છે અને જે તે સભ્યએ પ્રશ્ન મૂવ કર્યા બાદ તેના પેટા પ્રશ્નોમાં જે તે જિલ્લાના અને ટ્રાયબલના સભ્યશ્રીઓને મોકો આપ્યા બાદ બાકીના જિલ્લાના સભ્યશ્રીઓને મોકો આપું છું, તેમ જણાવી વિપક્ષને વધુ મોકો મળવો જોઇએ તેવો આગ્રહ ન રાખવા માટે વિનંતી કરી.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯ ઉદ્યોગ અને ખાણ વિભાગના માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦ ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૭, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ તથા માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ અને ૩૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૩) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૪) શ્રી પંકજભાઇ દેસાઇ
(૫) શ્રી જિતેન્દ્રભાઇ સોમાણી
(૬) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૭) શ્રી કિશોર કાનાણી
(૮) શ્રી જિગ્નેશ મેવાણી
(૯) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૧૦) શ્રી કેશુભાઇ પટેલ
(૧૧) શ્રી ત્રિકમ છાંગા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી ચૈતન્ય દેસાઇ
(૧૩) શ્રી કનુભાઇ પટેલ
(૧૪) શ્રી રમેશભાઇ ટીલાળા
(૧૫) શ્રી રમેશભાઇ મિસ્ત્રી
(૧૬) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૭) શ્રી કમલેશભાઇ પટેલ
(૧૮) શ્રી બાબુસિંહ જાદવ
(૧૯) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર
(૨૦) શ્રી રાકેશભાઇ દેસાઇ
(૨૧) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ત્યારબાદ ચર્ચાનો જવાબ ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા ખાણ અને ખનીજ અને મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪–૫૯)

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૫ અને ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૬મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫–૦૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૫મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.